**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૯/૩/૨૦૧૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૮૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૩૯૭ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૬૪ ઈંગ્લીશ ક્વાર્ટર દારૂ અને ૨૩૧ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૪૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૬૪,૯૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૮૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અધુરા માસે જન્મેલ બાળકનું ભુણ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૪૮૫/૧૫**

**એલીસબ્રીજ** : તા.૮/૩/૧૫ સવારના ૧૧/૪૦ વાગ્યાના સુમારે એલીસબ્રીજ પુલ નીચે, સાબરમતી નદીમાંથી કોઇ અજાણી સ્ત્રીએ મૃત ભુણનો નિકાલ કરવા અને જન્મ છુપાવવાના ઈરાદે નદીમાં નાખી દીધેલ અધુરા માસે જન્મેલ માનવભુણ મૃત હાલતમાં એલીસબ્રીજ પોલીસને મળી આવતાં એલીસબ્રીજ પોલીસે અજાણી સ્ત્રી વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી.વસાવા ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૪૮૬/૧૫**

**ઘાટલોડીયા** : અમરતભાઇ દીપજી ચૌહાણ (રહે.સાગરભાઇ રબારીની ચાલી, કૈલાશનગર, વિભાગ-૨, મેમનગર) એ તા.૨૦/૨/૧૫ રાતના ૧૧/૩૦ થી તા.૨૧/૨/૧૫ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘર નજીક પોતાની ઓટોરીક્ષા જીજે.૦૧.યુ.ડી.૩૩૧૫ કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ અમરતભાઇ ચૌહાણ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એન.વીરાણી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૮૭/૧૫**

**રાણીપ :** જયભાઇ સંજયભાઇ શાહ (રહે.આકાશ ગંગા બંગ્લોઝ, આદીત્યનગર નરોડા) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૩/૧૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાની માતા ઉમાબહેનને મોટર સાયકલ પાછળ બેસાડી સુભાષબ્રીજ ઉપરથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક સફેદ અલ્ટો કારના ચાલકે પોતાની કાર બેદરકારી અને પુરઝડપે ચલાવી જયભાઇની મોટર સાયકલને ટક્કર મારતાં ઉમાબહેન (ઉ.વ.૪૪) ને શરીરે ગંભીર ઇજાઓ થતાં, તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી નરેન્દ્રસિંહ કેસરીસિંહ ચલાવે છે.

**<u>ટ્રેઇનની અડફેટે મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૮૮/૧૫</u>**

**મેઘાણીનગર :** તા.૮/૩/૧૫ ના કલાક ૭/૪૦ વાગ્યાના સુમારે એક અજાણ્યો પુરૂષ (ઉ.વ.૬૦ ના આશરાના) સૈજપુર રેલવે સ્ટેશન પાટા પાસેનાં રેલવે ટ્રેક ઉપર ટ્રેઇનની અડફેટે આવી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સાગરભાઇ હરીભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.